# પ્રાંતિજમાં રાષ્ટ્રીયકૃત બેન્કોના એ.ટી.એમ. બિમાર હાલતમાં : સત્વરે રીપેરીંગ કરવાની માંગ

## લગ્નની સિઝનમાં બંધ પડેલા એ.ટી.એમ.થી ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા

પ્રાંતિજ, તા. ૧૩

દેશમાં બેન્કો દ્વારા એ.ટી.એમ. (એની ટાઈમ મની)ની સુવિધા પુરી પાડવામાં આવે છે. પ્રાંતિજમાં આવેલા તમામ બેન્કોના એ.ટી.એમ. છેલ્લા ત્રણ દિવસથી ખોટવાતા એ.ટી.એમ. કાર્ડ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે. લગ્નની સિઝનમાં બેન્કો દ્વારા આ એ.ટી.એમ. સત્વરે ચાલુ કરવામાં નહિ આવે તો ગ્રાહકો આ સુવિધા પરત કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

દેશની રાષ્ટ્રીયકૃત બેન્કો દ્વારા ગ્રાહકો માટે એ.ટી.એમ.ની સુવિધા આપવામાં આવી રહી છે. આ સુવિધા બેન્કના ગ્રાહકો માટે વરદાન રૂપ છે. પરંતુ પ્રાંતિજ શહેરના નાગરિકો માટે આ સુવિધા દુવિધારૂપ સાબિત થઈ રહી છે. શહેરમાં બેન્કના ગ્રાહકો માટે મુકવામાં આવેલા એચ.ડી.એફ.સી. બેન્ક બી.ઓ.બી. બેન્ક, એસ.બી.આઈ. બેન્કના એ.ટી.એમ. ટેકનીકલ ક્ષતિને કારણે બંધ થઈ જવા પામ્યા છે.

પ્રાંતિજમાં હાલમાં વૈશાખી લગ્નની સિઝન પુર બહારમાં ખિલી ઉઠી છે. ત્યારે સ્વભાવિક છે કે રૂપિયાની જરૂરીયાત સૌ કોઈને પડશે ત્યારે આ બેન્કોના એ.ટી.એમ. છેલ્લા ત્રણ દિવસથી બિમારીમાં પડતા ગ્રાહકોને એક જગ્યાએથી બીજી જગ્યાએ એમ ધરમ ધક્કા ખાવા પડવાનો સમય આવ્યો છે. અને પોતાના રૂપિયા ઉપાડવા કફોડી સ્થિતિમાં મુકાયા છે.

રાજ્યમાં તસ્કરો દ્વારા દુકાનો પર ખરીદી કરતા ગ્રાહકોને ટાર્ગેટ કરવામાં આવે છે. ત્યારે કોઈપણ નાગરિક પુરા રૂપિયા લઈને બજારમાં નિકળતો નથી અને જરૂરિયાત પુરતા રૂપિયા એ.ટી.એમ. માંથી ઉપાડતા હોય છે. ત્યારે આ ગ્રાહકોએ બેન્ક સત્તાવાળાઓને ક્ષતિગ્રસ્ત એ.ટી.એમ.નો સર્વે કરાવી ઝડપથી આ સમસ્યાનો હલ લાવવામાં આવે તેવી માગણી કરી છે. તેમજ જો આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહિ આવે તો આ સુવિધાને બંધ કરાવી દેવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)


કુદરતની લીલા પણ અપાર છે. ઋતુચક્ર શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણ ઋતુ હોય છે. પણ હાલ ઉનાળાની ઋતુમાં સવારે અને સાંજ કમોસમી વરસાદ, બપોરે આકરો તાપ અને રાત્રે ઠંડી માહોલ જોવા મળે છે. સૂરજ પણ એટલો તપે છે કે તેનો તાપ પશુ પક્ષીથી લઈ કાળા માથાના માનવીને શેકી નાખે છે. સાંજે સુરજ આથમતા જ સૌ હાંશકારો અનુભવે છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# હિંમતનગરમાં કલેક્ટરે મતગણતરી માટેનું જાહેરનામુ બહાર પાડ્યું : ભંગ કરનાર સામે કડક પગલાં લેવાશે

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠામાં લોકસભા અને વિધાનસભાની પેટાચૂંટણીની મતગણતરી આવતીકાલ તા. ૧૬ મે ના રોજ ન્યુ એકેડેમીક બિલ્ડીંગ, સરકારી પોલીટેકનીક કૉલેજ હિંમતનગર ખાતે હાથ ધરાનાર છે. જેમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખી મતગણતરી કેન્દ્રની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં, વિજાણું સંદેશા વ્યવહારના સાધનો કે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિ પ્રવેશ ન કરવા પર સાબરકાંઠા જિલ્લા કલેક્ટરે પ્રતિબંધ ફરમાવ્યો છે.

૫ સાબરકાંઠા સંસદીય મતવિસ્તારમાં લોકસભાની અને ૨૭ હિંમતનગર વિધાનસભા મતવિસ્તારમાં વિધાનસભાની પેટા ચૂંટણીઓ માટે ગત ૩૦મી એપ્રિલે મતદાન યોજાયું હતું. તેની મતગણતરી આવતીકાલ તા. ૧૬ મે ના રોજ સવારે ૭ કલાકથી ન્યુ એકેડેમીક બિલ્ડીંગ, સરકારી પોલીટેક્નીક કૉલેજ, હિંમતનગર ખાતે હાથ ધરાનાર છે. મતગણતરીના દિવસે સવારે ૭ કલાકથી મતગણતરી કામગીરી પુરી ન થાય ત્યાં સુધી મતગણતરી પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે અને કાયદો અને વ્યવસ્થાને ધ્યાનમાં લઈ મતગણતરી કેન્દ્રની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ વ્યક્તિઓ મોબાઈલ ફોન સેલ્યુલર ફોન, પેજર કે અન્ય વિજાણું સંદેશા વ્યવહારના સાધનો લઈ જઈ શકશે નહીં તેમજ વાહન સાથે પ્રવેશ કરી શકશે નહીં. ઉપરાંત મતગણતરી કેન્દ્રમાં ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિઓના પ્રવેશ ન કરવો અને રાજકીય પક્ષોના પ્રતિકો પ્રદર્શિત ન કરવા સાબરકાંઠા જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી બંછાનિધિ પાનીએ પ્રતિબંધ ફરમાવ્યો છે.

# સાબરકાંઠા જિલ્લામાં કુદરતી આપત્તિને પહોંચી વળવા કરાયું આગોતરું આયોજન

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં કુદરતી આપત્તિને પહોંચી વળવા આગોતરા આયોજન માટે જિલ્લા કલેક્ટર શ્રી બંછાનિધિ પાનીના અધ્યક્ષસ્થાને જિલ્લાની તમામ કચેરીઓના વડાો સાથે બેઠક યોજાઈ હતી. કલેક્ટરશ્રીએ આ પ્રસંગે ઉપસ્થિત અધિકારીઓને ભારે પવન, વરસાદ કે વાવાઝોડા જેવી કુદરતી આપત્તિ સામે આમ જનતાને રક્ષણ મળી રહે અને રાહત અને બચાવની કામગીરી સુપેરે પાર પાડવા અનુરોધ કર્યો હતો.

તેમણે આ પ્રસંગે વિવિધ ખાતાઓના કન્ટીજન્સી પ્લાનની વિસ્તૃત સમિક્ષા કરી ગત ચોમાસા દરમિયાન જે તે અસરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરીમાં જે મુશ્કેલીઓ ઉભી થઈ તો તેનું પુનરાવર્તન ન થાય તે જોવા સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત તે જોવા જણાવ્યું હતું તેમજ હવામાન ખાતા તરફથી આપવામાં આવતી ચેતવણી સંભવિત અસરગ્રસ્ત વિસ્તારના લોકોને મળી રહે તેવી વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ. નાગરાન, અધિક નિવાસી કલેક્ટરશ્રી ધાનાણી તેમજ તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં કાર્બાઈડથી પકવેલ કેરીઓનું ધુમ વેચાણ

ખેડબ્રહ્મા, તા. ૧૩

ઉનાળાની સિઝનમાં ફળોની રાણી કેરીનું આગમન થઈ ચુક્યું છે. પરંતુ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી આવતી કેરીઓ કાચી આવતી હોય છે તેને વહેલામાં વહેલી પકવી અને ભોળી પ્રજાને વેચી દઈ તગડો નફો કરવાના ઈરાદે કેટલાક વેપારીઓ દ્વારા કાર્બાઈડ દ્વારા કેરીને પકવવામાં આવી રહી છે.

ખેડબ્રહ્મા શહેરના તથા ગામડાઓના વેપારીઓ દ્વારા હજારો કાચી કેરીઓ પકવવા કાર્બાઈડનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આવી કેરીઓ વેચાણ માટે બજારમાં આવતી હોવા છતાં આરોગ્ય વિભાગના અધિકારીઓ આંખ આંડા કાન કરી રહ્યા છે. લગ્નની સીઝનમાં વેપારીઓ દ્વારા હજારો ટન કેરીનું વેચાણ કરી ધુમ વેચાણ કરવામાં આવી રહી છે. જેને લઈ લોકો બિમારીઓમાં સપડાઈ રહ્યા છે. જ્યારે બીજી બાજુ કેટલાક વેપારીઓ દ્વારા કેરીના રસના નામે ભેળસેળ રસ વેચવામાં આવી રહ્યો છે જ્યારે જ્યુસ સેન્ટરો પર પપૈયામાં કલર નાખી કેરીનો જ્યુસના નામે વેચવામાં આવી રહ્યો છે.

## પાલચિતરીયા ગામનો બી.એસ.એફ. જવાન અગમ્યકારણોસર ગુમ

ભિલોડા, તા. ૧૩

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના પાલચિતરીયા ગામનો બી.એસ.એફ. જવાન અગમ્યકારણોસર ગુમ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. પાલચિતરીયા ગામના મગનલાલ નિનામાના જણાવ્યા મુજબ રાજસ્થાન રાજ્યના બિકાનેર વિસ્તારમાં ૩૫ વર્ષીય મુકેશકુમાર શકરાજી નિનામા, બી.એસ.એફ.જવાન તરીકે છેલ્લા ૧૪ વર્ષથી ફરજ બજાવતો હતો. નોકરીમાં રજા મુકી માટે માદરે વતન પાલચિતરીયા કામકાજ અર્થે આવ્યો હતો પરંતુ અગમ્યકારણોસર ગુમ થઈ જતાં પરીવારજનોએ ભારે શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવા છતાં આજ દિન સુધી બી.એસ.એફ. જવાનનો કોઈ પત્તો મળતો નથી. વિજયનગર તાલુકાના પાલ ચિતરીયા ગામનો વતની, રાજસ્થાન રાજ્યના બિકાનેર વિસ્તારમાં બી.એસ.એફ. જવાન તરીકે ફરજ બજાવતો નવયુવાન ગુમ થયેલ સંદર્ભે પરીવારજનો, સગાંસબંધીઓ ઠેર-ઠેર શોધખોળ કરી રહ્યા છે.

# ડીસાના ભોપાનગરમાંથી અનીતિધામ ઝડપાયું મહિલા સંચાલક સહિત ગ્રાહકની ધરપકડ

ડીસા, તા. ૧૩

ડીસાનાં ભોપાનગરમાં બાતમી આધારે પોલીસે છટકું ગોઠવી અનીતિધામ ચલાવતી એક મહિલા સહિત ગ્રાહક રંગે હાથ ઝડપાયો હતો. પોલીસે આ બન્ને વિરુદ્ધ ટ્રાફીકીંગ ઈનમોરલ એક્ટ અન્વયે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

આ ચકચારી ઘટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાનાં ડીસાનાં ભોપાનગર વિસ્તારમાં રહેતી એક મહિલા બહારથી લલના બોલાવીને અનીતિધામ ચલાવતી હોવાની બાતમી ડીસા વિભાગીય પોલીસ વડા એચ. એલ. દેસાઈ અને દક્ષિણ પોલીસ મથકનાં પોલીસ ઈન્સ્પેક્ટર કે. ડી. નકુમને મળતા શહેરમાં ચાલતા આ અનીતિધામ સામે કાયદેસરની કાર્યવાહી કરવા છટકું ગોઠવ્યું હતું અને પંચો રૂબરૂ એક બોગસ ગ્રાહકને ગુનાવાળી જગ્યાએ મોકલ્યો હતો. જે બાદનાં દરોડામાં પોલીસે દરોડો પાડી તપાસ કરતા ભોપાનગર સ્થિત આ મકાનમાંથી બે મહિલા અને એક પુરુષ મળી આવ્યો હતો. જે બાદની તપાસમાં બહાર આવેલ કે આ મકાનમાં ગીતાબેન કાન્તિભાઈ બારોટ ઉંમર વર્ષ ૩૦ રહે. રામપુરા (ધાડા) તા. ધાનેરાવાળી મહિલા આરોપી બહારથી લલનાઓને બોલાવી દેહવિક્રય કરાવતી હતી.

પોલીસ સ્ટાફે અનીતિધામને ઝડપી લેવા એક બનાવટી ગ્રાહકને ત્યાં મોકલ્યો હતો. બનાવટી ગ્રાહકે નિયત કરેલ રકમ રૂ. ૭૦૦ આપતા અને અનીતિધામ ચલાવતી મહિલાએ આ રકમ સ્વીકારતા સાથે ત્યાં વોચમાં ગોઠવાયેલી પોલીસે ખેલ પાડી દીધો હતો. આ મકાનમાંથી પોલીસે પંચો રૂબરૂની તલાશીમાં અધધ કહી શકાય તેટલા ૧૧,૦૦૦ હજાર કોન્ડમ પણ ઝડપેલા છે. આ કોન્ડમ સરકાર તરફથી વિતરણ કરતા હોય છે. જોકે આટલો મોટો જથ્થો આ અનીતિધામમાં કોને પહોંચાડ્યો ? તેની પણ પોલીસ તપાસ કરી રહી છે, તો વળી, ઝડપાયેલા આરોપીઓ પાસેથી ૧૧ હજારની રોકડ રકમ મળેલ છે. આ જથ્થો મુદ્દામાલ તરીકે પોલીસે કબજે કરેલ છે જે બાદ પેટ માટે દેહવિક્રયનાં આ ધંધામાં ધકેલાયેલી કલકત્તામાંથી લવાયેલી સુનીતા સાહેબ નામની ૨૨ વર્ષીય યુવતીને પોલીસે સાક્ષી તરીકે રાખી તેના નિવેદન નોંધ્યું હતું.

જેમાં બહાર આવેલ કે ગીતાબેન કાન્તિભાઈ બારોટ યુવતીઓની મજબુરીનો લાભ ઉઠાવી પોતાના ઘરે બોલાવી કામાંધ પુરુષો સાથે શરીરસુખ માણવાની વ્યવસ્થા ગોઠવી આપતી હોવાનું બહાર આવ્યું હતું. તેના આધારે દરોડા દરમિયાન રંગેહાથ ઝડપાયેલા ગીતાબેન કાન્તિલાલ બાપરોટ અને વેટરનરી તબીબ તરીકે કામ કરતા અને ઝડપાયેલા અન્ય ગ્રાહક અનીલ ગંગારામ મેવાડા રહે. મૂળ ગામ કુંડેલ, તા. દાંતાવાળા વિરુદ્ધ ટ્રાફીકીંગ ઈનમોરલ એક્ટ મુજબ ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી.


લક્ષ્મીપુરામાં આવેલ ખાખોરીયા હનુમાનદાદા, બટુક ભૈરવદાદાના મંદિરનો જીર્ણોદ્ધાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાદાનો મારૂતિયજ્ઞ, કળશ વિધિ અને ધ્વજારોહણવિધિ મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે સમસ્ત લક્ષ્મીપુરા ગામમાં ભક્તિનું વાતાવરણ છવાઈ ગયું હતું. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)



આરોગ્યક્ષેત્રે જરૂરી સેવા કાર્ય ફરજ બજાવતી નર્સો માટે ૧૨મી મે ના રોજ સમગ્ર વિશ્વમાં નર્સીંગ-ડે ઉજવવામાં આવે છે. 'નર્સીંગ-ડે' નિમિત્તે પાલનપુરની સિવિલ હોસ્પિટલમાં હોસ્પિટલની નર્સો તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારી અને તબીબોએ કેક કાપી નર્સીંગ ડેની ઉજવણી કરાઈ હતી. (હરેશ જી. જોષી, પાલનપુર)

# મૃતકનું પોસ્ટમોર્ટમ કરનાર તબીબની ૨૭મીએ જુબાની

## તબીબ શાહ જુબાની આપવા કોર્ટમાં પહોંચ્યા પરંતુ કોર્ટ અન્ય જગ્યાએ શીફ્ટ થતી હોવાથી કેસ કાર્યવાહી મોકૂફ

અમદાવાદ, તા.૧૩

શહેરના મણીનગર વિસ્તારમાં પોલીસ કોન્સ્ટેબલ વિનય યાદવ પર ગોળીબાર કરી મૃત્યુ નિપાજવવાના કેસમાં મૃતક પોલીસ કોન્સ્ટેબલનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર આગામી ૨૭મી મે ના રોજ સેશન્સ કોર્ટમાં જુબાની આપશે. આજરોજ કોર્ટમાં મૃતકનું પીએમ કરનાર ડોક્ટર જે.વી. શાહ જુબાની આપવા માટે કોર્ટમાં હાજર રહ્યા હતા. પરંતુ કોર્ટ અન્ય જગ્યાએ શિફ્ટ થતી હોવાથી સેશન્સ જજે કેસની કાર્યવાહી મુલતવી રાખી હતી. આ મર્ડર કેસમાં હૈદરાબાદના ત્રણ આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફ અને એક લખનૌનો આરોપી ઈઝહાર ખાન સંકળાયેલા છે અને તેઓ ઘણા સમયથી સાબરમતી મધ્યસ્થ જેલમાં બંધ છે.

આરોપીઓ વકાર અહેમદ, સૈયદ અમજદઅલી, મહમ્મદ હનીફે હૈદરાબાદ સ્થિત દર્ગસ જેહાદએ શહાદત નામના મુસ્લિમ સંગઠનના ઓથા હેઠળ જૂન ૨૦૦૭માં એક દિવસ સાંજે મહમ્મદ હનીફની હૈદરાબાદ મુસીરાબાદ ઝમઝમ મસ્જીદ સામે આવેલ ક્લીનીકમાં ભેગા મળી કાવતરું રચ્યું હતું. કાવતરાના મુખ્ય હેતુ ગુજરાતમાં થયેલ ગોધરાકાંડના રમખાણાનો બદલો તેમજ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી નરેન્દ્ર અમીન દ્વારા મૌલાના નસુરૂદ્દીનની ધરપકડનો વિરોધ કરતા મુસ્લિમો ઉપર ફાયરીંગ દરમ્યાન મુઝાહીદ સલીમ આજમીની મોતનો બદલો મુખ્ય હેતુ હતો. જેમાં અમદાવાદમાં લૂંટ કરી તે પૈસાથી હથિયારો ખરીદી પોલીસના મર્ડરનો કાવતરામાં સમાવેશ થતો હતો. કાવતરુ પાર પાડવા મહમ્મદ હનીફે અમદાવાદમાં રહેતા તેના સંબંધીઓ મારફતે સૈયદ અમજદઅલીને રામોલમાં ભાડાનું મકાન અપાવ્યું હતું. ત્યારબાદ વકાલ અહેમદે લખનૌમાં ઈઝહાર ખાનને મોર્ડન હોટલના રૂમમાં બોલાવી ઉપરોક્ત કાવતરાની હકીકત સમજાવી કાવતરુ પાર પાડવા પિસ્ટલ, કારતુસો ખરીદી અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં ફરી રેકી કરી હતી.

# મોડાસાના મુલોજમાં રીક્ષા પલ્ટી : એકનું મોત

મુલોજ, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મુલોજ ગામે રવિવાર સવારે રીક્ષા પલ્ટી ખાઈ જતાં એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય મુસાફરોને ઈજાઓ થઈ હતી. બનાવને પગલે લોકોએ દોડી પહોંચી ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

મુલોજ ગામે રવિવારે સવારે પસાર થઈ રહેલી રીક્ષાચાલકે પુરપાટ ઝડપે અને બેદરકારીથી રીક્ષા હંકારી પલ્ટી ખવડાવી હતી. આ અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા કાન્તીભાઈ મોતીભાઈ મકવાણા ઉંમર વર્ષ ૬૩ રહે. શીણાવાડને ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે રીક્ષામાં બેઠેલા અન્ય મુસાફરોને પણ વત્તા ઓછી ઈજાઓ થઈ હતી. બનાવની જાણ થતા મોટી સંખ્યામાં લોકો અકસ્માત સ્થળે દોડી પહોંચ્યા હતા. બીજી તરફ મોડાસા રૂરલ પોલીસ પહોંચી જઈ ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડ્યા હતા. અકસ્માત અંગે મંગાભાઈ મોતીભાઈ મકવાણાએ રિક્ષાચાલક વિરૂદ્ધ મોડાસા રૂરલ પોલીસમથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન